દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શનિવાર ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫

# ઓફિસમાં આઠ કલાકથી વધુ કામ કરવું કર્મચારીના માનસિક સ્વાસ્થ્ય માટે જોખમી છે

તાજેતરમાં મુદ્દો ચર્ચાયો હતો કે જે તે વ્યક્તિએ કેટલા કલાક કામ કરવું જોઈએ? આ મુદ્દે દરેક ઈન્ડસ્ટ્રિયાલિસ્ટએ પોતાના વ્યુહ રજૂ કર્યા હતા. જોકે, કોઈપણ વ્યક્તિ રોજ 12 કલાક કરતાં વધુ સમય ડેસ્ક પર વિતાવે તો તેનું માનસિક સ્વાસ્થ્ય જોખમાઈ શકે છે. તાજેતરમાં થયેલા આર્થિક સર્વેક્ષણમાં આ મુદ્દો બહાર આવ્યો હતો. લાંબા સમય સુધી કામ કરનાર કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્યને મોટી અસર થાય છે. આ અભ્યાસ સેપિયન લેબ્સ સેન્ટર ફોર હ્યુમન બ્રેઈન એન્ડ માઈન્ડ દ્વારા કરવામાં આવ્યો હતો. જેનો ઉલ્લેખ આર્થિક સર્વેક્ષણમાં કરવામાં આવ્યો છે. આજે 1લી ફેબ્રુઆરીએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ કેન્દ્રમાં બજેટ રજૂ કરશે. બજેટ પહેલા સીતારમણે આર્થિક સર્વેક્ષણનો અહેવાલ પણ રજૂ કર્યો હતો. આ સર્વેક્ષણમાં દેશના તમામ મુખ્ય મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્યનો પણ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. સરવે મુજબ, સારા મેનેજરો અને સહકાર્યકરો સાથે કામ કરતાં કર્મચારીઓ નબળા મેનેજરો-સહકાર્યકરો સાથે કામ કરતાં કર્મચારીઓ કરતાં માનસિક સુખાકારીમાં આગળ છે.

સરવે પ્રમાણે, જે કર્મચારીઓ તેમના કામમાં સૌથી વધુ ગર્વ અને હેતુપૂર્ણતા દર્શાવે છે તેમના માનસિક સુખાકારીના સ્કોર સૌથી ખરાબ રિપોર્ટ કરનારા કર્મચારીઓ કરતાં 33થી 40 ટકા સારો હોય છે. સંપૂર્ણપણે દૂરસ્થ કાર્યસ્થળમાં કામ કરતી વ્યક્તિઓનો માનસિક સુખારીનો સ્કોર સંપૂર્ણપણે વ્યક્તિગત અથવા હાઈબ્રિડ કાર્ય મોડેલમાં તેમના સમકક્ષો કરતાં લગભગ 50 પોઈન્ટ ઓછો હોય છે. આ દર્શાવે છે કે કાર્યસ્થળ પર સામાજિક ક્રિયાપ્રતિક્રિયા જરૂરી છે. માનસિક સ્વાસ્થ્ય પણ જાળવવાની જરૂરીયાત છે. જો અઠવાડિયામાં 70થી 90 કલાક કામ કરવામાં આવે તો જે તે કર્મચારીના માનસિક સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે. આવા કર્મચારીઓને માનસિક




સમસ્યાઓ થવાનું જોખમ સૌથી વધારે હોય છે.

આ સમીક્ષામાં પેગા એફ, નાફ્રાડી બી અને ડબલ્યુએચઓ-આઈએલઓના સંયુક્ત કાર્ય-સંબંધિત રોગોના અંદાજોને પણ ટાંકવામાં આવ્યા છે. જેમાં જણાવાયું છે કે, કામ પર વિતાવેલા કલાકોને સામાન્ય રીતે ઉત્પાદકતાના માપ તરીકે ગણવામાં આવે છે. અગાઉના અહેવાલોમાં જણાવાયું છે કે, 55થી 60 કલાક કામ કરવાનું રહે છે. જો 60 કલાકથી વધુ કામ કરવામાં આવે તો સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી શકે છે. આ બતાવે છે કે જો સપ્તાહના સાત દિવસ કામ કરવાનું હોય તો પ્રત્યેક વ્યક્તિએ રોજ 8 કલાક જ કામ કરવું જોઈએ. આઠ કલાકથી વધારે કામ કરવાને કારણે જે તે કર્મચારીને માનસિક સંબંધી મુશ્કેલી પડી શકે છે. સામાન્ય રીતે કામના કલાકો 8 જ છે પરંતુ તેનો ભંગ કરવામાં આવે છે. ઘણે ઠેકાણે વધુ કલાકો કામ કરાવીને કર્મચારીનું શોષણ પણ કરવામાં આવે છે. જે ખરેખર બંધ થવું જોઈએ.

હાલમાં ભલે, આર્થિક સર્વેક્ષણમાં સરકારે આ મુદ્દાનો સમાવેશ કર્યો હોય પરંતુ સરકારે આ મુદ્દા પ્રત્યે ગંભીરતા દાખવવી જરૂરી છે. આર્થિક સર્વેક્ષણમાં સમાવવામાં આવેલા આ મુદ્દાનો અમલ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોએ કરાવવો જોઈએ. જો સરકાર આ મુદ્દે ગંભીર નહીં બને તો આગામી દિવસોમાં કર્મચારીઓના મામલે મોટી સમસ્યા પણ ઊભી થઈ શકે છે તે નક્કી છ

## આપતાં આવડે તો મળે

એક દિવસ બે સિનિયર સિટીઝન પતિ અને પત્ની સાંજે ઘરમાં એકલાં હતાં અને ચા પી રહ્યાં હતાં.ચા પીતાં પીતાં બે વહુઓની સાસુ એવી પત્નીએ પતિ પાસે બળાપો કાઢ્યો કે, ‘આ ઘરમાં મારું તો કંઈ માન જ નથી, કોઈ મને કંઈ પૂછતું નથી, કોઈ મારું કહ્યું માનતું નથી.બંને વહુઓ મારી રજા લીધા વિના મનમાં આવે તેમ કરે છે.’આવું ઘણું લાંબુલચક ફરિયાદભરેલું ભાષણ કરીને પત્નીનું પ્રેશર વધી રહ્યું હતું અને પતિ શાંતિથી ચા પી રહ્યા હતા. તેમના પેટનું પાણી પણ હાલતું ન હતું.



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પતિએ કંઈ જવાબ ન આપ્યો એટલે પત્નીનો ગુસ્સો વધ્યો અને ગુસ્સો પતિ પર જ કાઢતાં કહ્યું, ‘આ બધું તમારે લીધે જ છે,તમે જ છોકરા અને વહુને માથે ચઢાવ્યાં છે.બહુ પ્રેમ આપો, ગીફ્ટસ આપો એટલે તમે સારા.તમને બધા પ્રેમ કરે અને માન આપે. મારી કોઈ કિંમત નહિ.’

પતિએ હસતાં હસતાં કહ્યું, ‘જો એમાં એવું છે ને કે જે જોઈતું હોય ને તે પહેલાં આપવું પડે સમજી.તેં ક્યારેય વહુઓને એક સમાન ગણી છે? હંમેશા ભેદભાવ કર્યા છે? અને એટલે હવે તારું માન ક્યાંય નથી. આપણને દીકરી નથી પણ તેં ક્યારેય વહુઓને દીકરી માની નથી. પારકી જ ગણી છે તો તે તને પ્રેમ ક્યાંથી આપે? વહુની બીમારીમાં તેં મોઢાં બગાડ્યાં છે તો તારી બીમારીમાં વહુ ફરજ નિભાવે પણ હૂંફ ક્યાંથી આપે? વહુ દીકરા બહાર ફરવા જાય તો તું પ્રેમથી હા ક્યારેય ન પાડે તો પછી તને કહે જ શું કામ? અને તું પોતે જે આપે છે તે જ તને સામું મળે છે.જીવનનો નિયમ છે, જો આપતાં આવડે તો મળે.હું પ્રેમ આપું છું, તેઓ મને સામો વધુ પ્રેમ આપે છે.હું એક ગીફ્ટ લાવું તે રોજ ગરમ રોટલી જમાડે છે.એટલે જીવનમાં જો સુખ, માન ,પ્રેમ ,હૂંફ, લાગણી જોઈતાં હોય તો પહેલાં તેને આપતાં શીખો. જે આપશો અને જેટલું આપશો તે જ તમને અનેકગણું થઈને પાછું મળશે.જેને આપતાં આવડે છે અને તે પણ જે સાચા હૃદયથી આપી શકે છે તેને જ બધું સામે અનેકગણું થઈને મળે છે.એટલે તું શું આપી રહી છે તે જો તેનો હિસાબ કર અને જે જોઈએ છે તે પ્રમાણે પહેલાં આપતાં શીખ.માન જોઈએ છે તો તેમનું સન્માન કર ,પ્રેમ જોઈએ છે તો પહેલાં સાચી લાગણી દેખાડ.’ પતિએ પત્નીને આયનો દેખાડી દીધો અને સાચી સમજ આપી.

# લેટર કાંડ : ગુજરાત ભાજપમાં આ અસંતોષ શાને?

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

ગુજરાતમાં નાગરપાલિકાઓની ચૂંટણી થવાની છે અને ભાજપમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે એમ જ ભાજપમાં આંતરિક અસંતોષ પણ ફાટીને ધુમાડે ગયો છે. ગુજરાતમાં કોંગ્રેસ મરવા વાંકે જીવે છે અને ‘આપ’નું પોત પહેલાં કરતાં ઢીલું પડ્યું છે અને ભાજપને એમ જ છે કે, અમને સત્તા પરથી કોઈ હટાવી ના શકે. આ જ વાત કાર્યકર્તાઓમાં જોવા મળી રહી છે અને એટલે બધાને હોદ્દા જોઈએ છે અને બધાને ચૂંટાઈ જવું છે. ગુજરાતમાં પાલિકાની ચૂંટણીઓમાં કુલ ૨૧૦૦ બેઠક છે અને એ માટે ૮૦૦૦થી વધુ લોકોએ ભાજપમાંથી દાવો કર્યો છે. ભાજપમાં આટલી મોટી સંખ્યામાં દાવેદારી થઈ હોય એવો આ કદાચ પહેલો દાખલો છે. બીજી બાજુ પક્ષમાં આંતરિક રોષ વધતો જાય છે. એનાં કારણો એકથી વધુ હોઈ શકે. પણ છેલ્લા થોડા સમયથી આ અનુશાસિત ગણાતા પક્ષમાં અસંતોષ જુદા જ સ્વરૂપે બહાર આવી રહ્યો છે. નનામા લેટર દ્વારા એકબીજા પર કાદવ ઉછાળવામાં આવી રહ્યો છે. અમરેલી , કેશોદ, રાજકોટ એમ બધે આ રીતે લેટરકાંડ ચાલી રહ્યા છે. અમરેલીમાં ધારાસભ્ય અને ઉપદંડક વેકરીયા સામે લેટર બહાર પડ્યો. એમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયા અને પાંચેક ભાજપીઓ સામે ફરિયાદ થઈ અને એમાં એક પાટીલ દીકરીની પણ ધરપકડ થઈ. કાયદાની ઐસીતૈસી પોલીસે મહિલાની રાત્રે ધરપકડ કરી અને એટલું જ નહિ એમનું સરઘસ કાઢ્યું. પોલીસ આટલી હિંમત કરે એ પાછળ કોઈનો દોરીસંચાર હોય એ સ્વાભાવિક છે અને પાછું પોલીસ સ્ટેશનમાં દીકરીને માર મરાયો અન હવે એની તપાસ થઈ રહી છે. બધા જામીન પર છૂટી ગયા છે.

રાજકોટમાં પ્રભારી ધવલ દવે સામે એક નનામો લેટર ફરી રહ્યો છે એનો વિવાદ ભડક્યો છે અને એમાં સૌરાષ્ટ્રમાંથી પટેલોનાં પત્તાં સાફ કરવાની વાત છે. આ લેટર કોણે વહેતો કર્યો છે એની વાત બહાર આવી નથી. કોઈએ પોલીસ ફરિયાદ કરી નથી. કદાચ અમરેલીમાંથી બોધપાઠ લીધો છે. અગાઉ પણ આવા લેટર ફરતા થયા હતા. સી. આર. પાટીલ સામે પણ કેટલીક વાતો વહેતી થઈ હતી. ઈફકોની ચૂંટણી વેળા જયેશ રાદડિયા સામે ઉમેદવાર મૂકવામાં આવ્યો અને એનો વિવાદ થયો અને એમાં રાદડિયા અને દિલીપ સંઘાણી એક થઈ લડ્યા. પાતીલ સામે નહોર ભરાવ્યા અને નગરપાલિકાની ચૂંટણી જીતી.

નગરપાલિકાઓની ચૂંટણીમાં પણ આવું થઈ રહ્યું છે. ભાજપના જ બે ભાગ સામસામે લડી રહ્યા છે. આનું કારણ શું છે? અગાઉ ભાજપમાં આવું બનતું હતું પણ જવલ્લે જ. એમ તો સંજય જોશી સામે સીડીકાંડ થયેલો અને મોદી સામે લેઉવા પટેલ સંમેલનો ખુલ્લેઆમ યોજાયાં હતાં. ભાજપા - રાજપા થયું હતું. પણ અત્યારે જે બની રહ્યું છે એ ભાજપ અનુશાસિત પક્ષ છે એવી ઈમેજના ભાંગીને ભુક્કા થયા છે. વધુ સમય ચૂંટણીઓ પૂરી થાય પછી જાહેરાત થશે એમ હવે માનવામાં આવે છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ દિલ્હી ગયા બાદ ગુજરાત ભાજપમાં આંતરિક સાઠમારી વધી છે એનો કોણ ઈનકાર કરી શકે? અને આમ છતાં આ વાતનો કોઈ તોડ થતો નથી એ આશ્ચર્ય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વીસી શોધવામાં કેટલો સમય વીત્યો એ સૌ જાણે છે અને કેટલીક આવી નિયુક્તિ ખોટી રીતે થઈ છે એ પણ સુવિદિત છે. આવું કેમ ભાજપમાં બની રહ્યું છે? ગુજરાતમાં સરકાર છે એવું ફિલ થતું નથી. પક્ષમાં શિસ્ત દૂર દૂર સુધી જોવા મળતી નથી. આ ભાજપ નથી એનું પોત બદલાઈ રહ્યું છે, નબળું પડી રહ્યું છે. કોઈ ઈલાજ અને વધુ પડતી સત્તા અપાઈ ત્યારે આવું થાય છે અને બીજું એક મહત્ત્વનું કારણ એ છે કે, ભાજપે કોંગ્રેસમાં ઘણાં બધાં ગાબડાં પાડ્યાં છે. મૂળે કોંગ્રેસીઓને પક્ષમાં લીધા છે અને મંત્રીપદો પણ આપ્યાં છે અને હજુય અર્જુન મોઢવાડિયા અને અન્યો લાઈનમાં છે.

આ કારણે પણ ભાજપમાં અંસતોષ વધતો જાય છે. તાજેતરમાં રાજકોટ પ્રમુખની ચૂંટણી માટે સેન્સ લેવાઈ ત્યારે ઘણા આગેવાનોએ નિરીક્ષકો સામે જે રજૂઆત કરી હતી એ સ્ફોટક હતી અને એમાંય ભ્રષ્ટાચારની વાત હતી અને હજુય પ્રમુખોનાં નામની પસંદગી થઈ નથી. પ્રદેશ પ્રમુખની જાહેરાત પણ બાકી છે. સ્થાનિક ના કર્યો તો કોંગ્રેસ ભલે નબળી રહી પણ ભાજપ એના અસંતોષનાં ફળ જરૂર ચાખશે.

### મોદી એ યુવા ઉમેદવારને ત્રણ વાર પગે કેમ લાગ્યા?

દિલ્હીના પટપડગંજ બેઠકના ઉમેદવાર રવીન્દ્ર નેગી ચર્ચામાં છે. આ બેઠક પર ગઈ ચૂંટણીમાં મનીષ સિસોદિયાને નેગીએ સારી લડત આપી હતી. આ વેળા એમની સામે આપે શિક્ષાવિદ્ ઓઝાને ઊતાર્યા છે. નેગી ચર્ચામાં એટલે છે કે, દિલ્હીમાં નરેન્દ્ર મોદીની સભામાં ઉમેદવારોનો પરિચય મોદી સાથે કરાતો હતો ત્યારે નેગી મોદીને પગે લાગ્યા તો મોદી નેગીને ત્રણ વાર પગે લાગ્યા, નેગી થોડા અસહજ થઈ ગયા. મંચ પર જેટલાં લોકો હતાં અને જેટલાએ આ દૃશ્ય જોયું એ બધાને આશ્ચર્ય તો થયું જ. મોદીએ આવું કેમ કર્યું? એ સવાલ થાય જ. ઘણી વાર મોદી કોઈ વડીલ એમને નમન કરે તો એ તુરંત પગે લાગે છે પણ પોતાથી નાની ઉંમરના યુવા ઉમેદવારને મોદી ત્રણ વાર પગે લાગ્યા એ જરા ગળે ઊતરે એવી વાત નથી. શું આ વાતથી પણ કોઈ મેસેજ અપાયો છે? શું આ એક પ્રકારે મોદીની અન્યોને શીખ છે કે નમન કરવાનું રહેવા દો. પગે ના પડો , નમસ્કાર સુધી બધું ઠીક છે. જે કહો તે, નેગી આ ઘટના પછી ખાસ્સા ચર્ચામાં છે અને એ કારણે એમને ફાયદો થાય છે કે નુકસાન એ જોવાનું છે. જે થાય તે પણ જાહેર જીવનમાં એકબીજાને સન્માન આપવાની રીત પુરાણી છે પણ આ પગે પડવાની વાત થોડી ઊતરતી તો લાગે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# નાણાંમંત્રીનું આજે રજુ થનારું બજેટ : એક સાંધે ત્યાં તેર તૂટશે




**બજેટની સવારે**

**ડૉ. જયનારાયણ વ્યાસ**

આજે નાણાંમંત્રી નિર્મલા સીતારામન ૨૦૨૫-૨૬ના નાણાંકીય વર્ષ માટેનું એન.ડી.એ. સરકારનું અંદાજપત્ર સંસદમાં રજૂ કરશે. એક જમાનો હતો જ્યારે અંદાજપત્ર આવવાનું હોય એની આતુરતાપૂર્વક રાહ જોવાતી. કઈ વસ્તુઓના ભાવ વધશે અને શેના ભાવમાં રાહત મળશે વગેરે બાબતે અટકળો મૂકાતી અને વર્તારા થતા. એ જમાનામાં બજેટ સાંજના ૫.૦૦ કલાકે રજૂ થતું અને ટેલેક્ષ કે ટેલિપ્રિન્ટર પર મોટાં મોટાં અખબારોની કચેરીઓમાં જેમ જેમ બજેટ રજૂ થતું જાય તેમ તેમ એની વિગતો ઊતરતી જતી.

વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો આ અખબારોની કચેરીઓમાં બજેટ સાંભળતાં સાંભળતાં કે પછી વાંચતાં વાંચતાં પોતાના પ્રતિભાવો લખવા માંડતા જેથી બીજા જ દિવસે અખબારોમાં વાચકમિત્રોને દરેક નાણાંમંત્રી શેના પર બોજ નાખે છે તેનો ખ્યાલ આવતો અને સિગારેટથી માંડી રેફ્રીજરેટર તેમજ એરકન્ડીશનર સુધીની વસ્તુઓ મોટે ભાગે મોંઘી થતી, જ્યારે મધ્યમ વર્ગ માટે કરવેરામાં થોડી ઘણી રાહતો અને અતિ નાના ઉદ્યોગો અથવા નાના ઉદ્યોગો માટે પણ રાહતોની સાથોસાથ આયાત/નિકાસની વસ્તુઓ ઉપર ડ્યૂટીનું ભારણ અથવા પ્રોત્સાહન લાભોની જાહેરાતો પણ થતી.

ત્યાર પછી ટેલિવિઝન આવ્યું એટલે બજેટ રજૂ થાય તેની સાથોસાથ એનું ટેલિવિઝન પર પ્રસારણ પણ થતું. કેટલાંક નાણાંમંત્રીઓ એમની કંટાળાજનક ભાષા અને રજૂઆત પદ્ધતિ તેમજ લાંબાલચક બજેટ ભાષણ થકી જોનારાઓને કંટાળો લાવી દેતા, જ્યારે કેટલાંક પોતાની આગવી શૈલીમાં મુદ્દાસરની વાત સાથે રજૂઆત કરી બજેટ સાંભળનારને પણ આનંદ કરાવતા. વડા પ્રધાન નરસિંહરાવના નાણામંત્રી તરીકે ડૉ. મનમોહનસિંહની બજેટ રજૂ કરવાની સ્ટાઈલ એવી હતી કે એ ક્યાંક ટુચકા તો ક્યાંક શેરો-શાયરીથી છવાઈ જતી. મનમોહનસિંહનું નાણાંમંત્રી તરીકેનું ભાષણ સાંભળવું એ એક લહાવો હતો.

૧૯૭૫ બાદ જેટલાં બજેટો રજૂ થયાં એ બધાં સાંભળવાનો તેમજ ડૉ. બકુલ ધોળકિયા જેવા નિષ્ણાત અર્થશાસ્ત્રી તેમજ શ્રી મુકેશ પટેલ જેવા કરવેરા નિષ્ણાત સાથે એનું વિશ્લેષણ વર્ષો સુધી અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના ઑડિટોરિયમમાં રજૂ કરવાનો અમારી ત્રિપુટીનો રેકોર્ડ રહ્યો હશે. લગભગ ૪૦ કરતાં વધારે બજેટ અમે એક સાથે એનાલિસીસ કરીને રજૂ કર્યાં તેનાં સંભારણાં હજુ પણ તાજાં છે. વચ્ચે એક જમાનો શ્રી નાની પાલખીવાળાનો પણ આવી ગયો જ્યારે મુંબઈગરાઓ ખીચોખીચ ભરેલા બ્રેબોર્ન સ્ટેડિયમમાં નાની પાલખીવાળાનું કેન્દ્રીય બજેટ ઉપર ભાષણ સાંભળવા ઉમટી પડતાં. નાની પાલખીવાળાને સાંભળવા એ ખરેખર લહાવો હતો.

આ બધી એ જમાનાની વાતો છે જ્યારે મોટા ભાગની નાણાંનીતિવિષયક બાબતો બજેટ થકી જ રજૂ થતી અને એટલે એ જાણવા માટેની સાહજિક આતુરતા રહેતી. ત્યાર પછી તો મહત્ત્વની નાણાંવિષયક યોજનાઓ અથવા જેનો ભારે નાણાંકીય બોજ પડવાનો હોય તેવી બાબતો પણ આખા વર્ષ દરમિયાન ગમે ત્યારે જાહેર થતી હોય તે સ્થિતિનું નિર્માણ થયું. જીએસટી અંગેના નિર્ણયો જીએસટી કાઉન્સિલ લેવા માંડી અને આવકવેરામાં વધુ ફેરફારો કરવાનો અવકાશ રહ્યો નહીં. આ બધાં કારણોસર બજેટમાં જે આતુરતા હતી તેના રસકસની બાદબાકી થઈ ગઈ અને હાલના નાણાંમંત્રીની બજેટ રજૂ કરવાની પદ્ધતિ પણ ગમે તેવા મૂડનું અપહરણ કરી નાખે તેવી કંટાળાજનક બની રહી. આ પાર્શ્વભૂમિકામાં ભારત સરકારના બજેટનું જે આકર્ષણ હતું તે પણ હવાઈ ગયું. બાકી રહેતું હતું તે આ વખતે ભારતમાં આગામી વર્ષ મંદીનું રહે એવાં એંધાણ બીજા કોઈ નહીં પણ ભારતીય રિઝર્વ બૅન્કની મોનીટરી પોલીસી કમિટીએ આપ્યા છે. ૪-૬ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઈન્ડિયન મોનીટરી પોલીસીને લગતી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મીટિંગમાં જે અવલોકન કરવામાં આવ્યું તે મુજબ ૨૦૨૪-૨૫ના નાણાંકીય વર્ષના બીજા ત્રૈમાસિકી ગાળા (જુલાઈ-સપ્ટેમ્બર, ૨૦૨૪) દરમિયાન વૈશ્વિક વ્યાપારની અનિશ્ચિતતાઓ વચ્ચે તેમજ ઘરઆંગણે ભારતીય અર્થવ્યવસ્થાએ જે પડકારો વેઠવાના આવ્યા તેના કારણે બીજા ક્વાર્ટર દરમિયાન વિકાસદર ૫.૪ ટકા જેટલો રહેવા પામ્યો હતો. સાથોસાથ ફુગાવાનો દર ઊંચો રહેવા પામ્યો હતો.

૨૦૨૪-૨૫ના સમયગાળામાં ભારતીય અર્થવ્યવસ્થા અગાઉ અંદાજાયેલ ૭ ટકા અથવા તેથી વધુ દરે વિકસવાને બદલે ડીલોઈટે ઈન્ડિયાના સુધારેલા અંદાજ પ્રમાણે જીડીપીનો વૃદ્ધિદર હવે ૬.૫થી ૬.૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. ડીલોઈટે દ્વારા ત્યાર પછીના નાણાકીય વર્ષે એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જીડીપી વૃદ્ધદર ૬.૭ ટકાથી ૭.૩ ટકા વચ્ચે રહેવાની ધારણા મૂકવામાં આવી છે.

રિઝર્વ બૅન્કની મોનીટરી પોલીસીએ ૨૦૨૪-૨૫ના બીજા ત્રૈમાસિકી ગાળામાં જીડીપી વૃદ્ધિદર ધીમો પડવાનું કારણ ઉત્પાદન ક્ષેત્રે મંદીનું વાતાવરણ અને કાંઈક અંશે તેની અસર સંલગ્ન એન્સિલરી સેક્ટર પર થઈ હોવાનું કહ્યું છે. જો કે જીડીપી વૃદ્ધિદર હજુ પણ નીચો ન સરકી જાય તે માટે મજબૂત ગ્રામ્ય વપરાશ અને સેવા ક્ષેત્રે થયેલ વૃદ્ધિ કારણભૂત ગણી શકાય.

જો કે ડીલોઈટે એવું માને છે કે હજુ પણ જે પ્રકારનાં પરિબળો આકાર લઈ રહ્યાં છે તે જોતાં સાવચેતીભર્યો આશાવાદ રાખવો વધુ યોગ્ય રહેશે, કારણ કે વૈશ્વિક વ્યાપારમાં ચોક્કસ વધારો થઈ રહ્યો છે પણ સાથોસાથ રોકાણમાં ઘટાડો થઈ રહ્યો છે. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી આપણે વૈશ્વિક વ્યાપારમાં માંડ ૧.૭૫ ટકા જેટલો ફાળો ધરાવીએ છીએ એટલે આ મોરચે ખાસ હરખાવા જેવું નથી. આ ઉપરાંત વિવિધ પરિબળોને કારણે (ખાસ કરીને) વિદેશી રોકાણ ભારતમાંથી ચીન તેમજ અન્યત્ર સ્થળાંતર કરી રહ્યું છે તે જોતાં) રૂપિયો ડૉલરની સરખામણીમાં ઘસાતો જાય છે એને કારણે બે પરિસ્થિતિ ઊભી થવાની છે.

એક, ડૉલરની સરખામણીમાં રૂપિયાનું મૂલ્ય ઘટતાં ભારતને આયાત મોંઘી પડશે અને તેટલે અંશે વધારાનું હૂંડિયામણ જોઈશે. દુનિયામાં આપણે શસ્ત્રોના સૌથી મોટા આયાતકાર છીએ. તે ઉપરાંત ક્રુડઑઈલ પણ આપણી કુલ જરૂરિયાતના ૮૦ ટકા કરતાં વધારે આયાત કરીએ છીએ. બાકી રહેતું હતું તે ડોનાલ્ડ ટ્રમ્પના રાજમાં હવે ભારતને રશિયા પાસેથી ક્રૂડ આયાત કરવા ઉપર પ્રતિબંધ મુકાયો છે એટલે આપણે અખાતના દેશોમાંથી અથવા અમેરિકા પાસેથી ફરજિયાત ડૉલર ખર્ચીને ક્રુડ આયાત કરવું પડશે. વર્ષે દહાડે ૮૦,૦૦૦ કરોડ રૂપિયાનું ખાદ્યતેલ આપણે આયાત કરીએ છીએ. મોટા પાયે ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય હાઈટેક વસ્તુઓ તેમજ ઓટોપાર્ટ્સ વગેરે પણ આપણે આયાત કરીએ છીએ. ફાર્માસ્યુટિકલ્સ એક્ટીવ ઈન્ગ્રીડીયન્ટ્સમાં મહદ્ અંશે આપણે આયાત ઉપર આધારિત છીએ. અત્યાર સુધી અમેરિકા આપણું પહેલા નંબરનું વ્યાપાર ભાગીદાર હતું. અમેરિકા સાથે આપણે ટ્રેડ સરપ્લસમાં વ્યાપાર કરતા હતા એટલે કે આપણી આયાત કરતાં નિકાસ વધારે હતી. હવે ચીન આપણું પહેલા નંબરનું વ્યાપાર ભાગીદાર બન્યું છે અને એની સાથે આપણે ટ્રેડ ડેફીસીટ એટલે કે વ્યાપાર ખાધથી વ્યાપાર કરીએ છીએ. આપણી ચીન સાથેની વ્યાપારખાધ વર્ષે દહાડે લગભગ ૮૫૦૦ કરોડ ડૉલર જેટલી છે. રૂપિયાનું ઘસાવું, અમેરિકા ટેરિફ નાખે તો નિકાસ ઘટવી, આયાતનું મૂલ્ય ડૉલર મજબૂત થવાને કારણે વધવું એ કેટલાંક બહારી કારણો છે, જે આપણી અર્થવ્યવસ્થાને પીડે છે.

આ ઉપરાંત દેશમાં રિઝર્વ બૅન્કની મોનીટરી કમિટી ૪-૬ ડિસેમ્બર, ૨૦૨૪ની મીટિંગમાં કહ્યું તેમ શહેરી વપરાશનું ઘટવું તેમજ ઔદ્યોગિક ઉત્પાદનના વૃદ્ધિદરમાં નકારાત્મક વધારો ફુગાવાના દરમાં વધારો થવાની શક્યતાઓ આ બધાના કારણે આપણે ગ્રામ્ય બજારની ખરીદશક્તિ, કૃષિ ઉત્પાદન મૂલ્યમાં વૃદ્ધિ તેમજ સેવાકીય ક્ષેત્રમાં વધારો જેવા સેક્ટર ઉપર આધારિત રહેવું પડશે. આપણી અર્થવ્યવસ્થાનું કદ વધે છે, એમ કહી કૂદકા મારવાનો કંઈ અર્થ નથી, કારણ કે આપણી વસતી વધારે છે અને એને કારણે એની ન્યૂનતમ જરૂરિયાતો માટે પણ એ વધારે ખરીદી કરે છે ત્યારે ભારત પોતાની અર્થવ્યવસ્થાની વૃદ્ધિ માટે નિકાસ વ્યાપારમાં જંગી વધારા ઉપર પણ આશા રાખી શકે તેમ નથી.

આયાત વ્યાપાર વધે તો વિદેશી હૂંડિયામણની પરિસ્થિતિ કથળે તેવી સ્થિતિ ઉત્પન્ન થશે ત્યારે માત્ર કરવેરા ઉપર આધારિત આવક ઉપર નવાં રોકાણો તેમજ રોજગારીની તકો ઊભી કરવા માટેની પ્રવૃત્તિઓ ઉપર આધાર રાખી શકાય નહીં. આ પરિસ્થિતિમાં નાણાંમંત્રી જો વિકાસને પોષવા માટે કેઈન્સની થિયરી પ્રમાણે ખૂબ વધુ નાણાં ખૂબ વધુ લોકોના હાથમાં મૂકવા માગે તો એ નાણાં આવશે ક્યાંથી? એનો જવાબ સહેલાઈથી જડતો નથી. આટલું જેમ ઓછું હોય તેમ જો કૃષિ ઉત્પાદનની સ્થિતિ ઉપર ઘટાડાનું જોખમ આવે તો પડતા ઉપર પાટુ મારવા જેવી સ્થિતિ હશે. સીધા અને આડકતરા કરવેરા, જીએસટી વગેરે બધી જ આવકો ભેગી કરીએ તો પણ બે છેડા મળે તેવી કોઈ શક્યતા દેખાતી નથી.

આ સ્થિતિમાં જો વિકાસ માટે અને તે પણ ખાસ કરીને આંતર માળખાકીય સવલતોના વિકાસ માટે વધુ નાણાં જોઈતાં હોય તો હયાત અસ્ક્યામતો વેચવી, ખાનગીકરણ થકી આંતર માળખાકીય સવલતોના પ્રોજેક્ટને મોટું પ્રોત્સાહન આપવું અને આ બધું કરતાં પણ ના પહોંચી વળાય તો છેવટે ફિસ્કલ રિન્સોન્સિલિબિટીની જોગવાઈઓને તડકે મૂકી ફિસ્કલ ડેફીસીટ ૬થી ૭ ટકા જેટલે પહોંચે તો પણ હિંમત કરી, ફુગાવાનું અને મોંઘવારીનું જોખમ લઈ એ જ એક માત્ર રસ્તો કદાચ નાણાંમંત્રી પાસે ખુલ્લો રહેશે. હાલના સંયોગોમાં જ્યારે સરકાર ચારે તરફથી ટીકાઓ વેઠી રહી છે ત્યારે વડા પ્રધાન અને નાણાંમંત્રી આગામી બજેટને ૬થી ૭ ટકા સુધીની નાણાંખાધ વેઠવી, બિનજરૂરી આયાતો ઉપર કાપ મૂકવો, જરૂરી આયાતોમાં ફરજિયાત હોય તેટલી જ રેશનિંગથી પૂરી પાડવી અને દેશમાં શ્રમપ્રચુર તેમજ પ્રમાણમાં ઓછી મૂડીથી ચાલુ થઈ શકે એવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રોજગારીમાં વધારો કરવો જેવાં આક્રમક અને બિન ચીલાચાલુ પગલાં લેવાં પડશે. ભારત વિશ્વગુરુ થવાને પગલે પહેલાં ચેરિટી બિગિન્સ એટ હોમ એટલે કે ઘરનું આંગણું સાફ રાખોની નીતિ અપનાવે તે આવનાર પાંચ વર્ષ ભારતની અર્થનીતિ સામેના મોટા પડકારોમાંનો એક હશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ટનાટન તંત્રની જાહેરાતોની નીચે રેઢિયાળ તંત્ર

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ તરીકે આરૂઢ થતાં જ સપાટો બોલાવ્યો છે. ગેરકાયદેસર વસાહતીઓ માટે દેશ નિકાલના આદેશ જારી કર્યા છે. દુનિયામાં કોઈ પણ દેશને પોતાના દેશમાં ગેરકાયદેસર રહેતાં લોકોને તગેડી મૂકવાનો હક હોય છે. ભારત દેશમાં પણ આવો સપાટો બોલાવવાની તાતી જરૂરિયાત છે. એક તો મૂળે દેશમાં વસ્તી ફાટફાટ થઈ રહી છે, ઉપરથી ગેરકાયદેસર વસાહતીઓ એટલે દેશ માટે “પડતા પર પાટુ” જેવો ઘાટ થયો છે. સેંકડોની સંખ્યામાં દેશમાં ઘૂસણખોરી થતી હોવાની પૂરી સંભાવના છે. જે રીતે દેશમાં ઘૂસણખોરી, હથિયારો અને ડ્રગ્સ ઘૂસી રહ્યાં છે, કાશ્મીરમાં પણ છાશવારે નાના મોટા હુમલા થતા રહે છે, એ જોતાં દેશની સીમાઓ સુરક્ષિત નથી એવું પ્રતીત થાય છે અને ડંફાસો મારવામાં આવે છે કે, દેશ સુરક્ષિત હાથોમાં છે. જે ગુજરાત મોડલને આગળ ધરીને દિલ્હીની ખુરશી ઝડપવામાં આવી, એ જ ગુજરાતમાંથી અત્યારે સૌથી વધારે ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. દેશની સરહદો તો સુરક્ષિત નથી જ પણ દેશની આંતરિક સુરક્ષા અને વ્યવસ્થાઓ પણ ખોરવાયેલી છે. લૉ એન્ડ ઓર્ડરની સ્થિતિ ખાડે ગયેલી છે.

**સુરત - પ્રેમ સુમેસરા**

## ભારતનું AI ક્યારે?

હાલ દુનિયાભરનાં સમાચાર માધ્યમો અને સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર ચીનની AI ને લગતી એપ Deep seek જેણે તહેલકો મચાવી દીધો છે. ચીને Deep seek લોન્ચ કરી છે જેની અસર ખાસ કરીને અમેરિકા પર વધારે જોવા મળી છે. ચાઈનીઝ આ એપ જેવી લોન્ચ થઈ કે બીજી બાજુ અમેરિકન કંપની NVIDIA તેમજ AI ને રિલેટેડ કામ કરવાવાળી બીજી કંપનીઓના શેરો ધડામ કરતાં નીચે આવી ગયા હતા. અમેરિકાના પ્રમુખે પણ કહેવું પડ્યું કે ટેકનોલોજીની બાબતમાં દુનિયામાં આપણે નંબર વન છીએ તો આ બાબત આપણા માટે ખતરાની ઘંટી છે. ટૂંકમાં ચીન અમેરિકા અને અન્ય દેશોને ટેકનોલોજીમાં જોરદાર ટક્કર આપી રહ્યું છે. આમાં ભારત ઘણું પાછળ છે. આપણે ટેકનોલજીકલ સેવાઓ જરૂર આપીએ છીએ. આપણાં દેશમાં અભ્યાસ કરી વિદેશોમાં સ્થાયી થયેલાં ભારતીયો મોટી મોટી કંપનીઓમાં સીઈઓ ની સેવા આપે છે. આપણા દેશમાં મેઈક ઈન ઈન્ડિયાની વાતો થાય છે. એક -દોઢ વર્ષ પહેલાં અમેરિકાની Open AI કંપનીના માલિક સેમ ઓલ્ટમેન ભારત આવ્યા હતા. એમને કોઈએ એક પ્રશ્ન પૂછ્યો કે શું ભારતનાં પ્રતિભાશાળી લોકો ભેગાં મળીને તમારી કંપની કરે છે એવું કંઈક કરી શકે? તો સેમ ઓલ્ટમેને જવાબ આપ્યો હતો કે અમારી સાથે તમારી સરખામણી શકય નથી. આ બાબતમાં અમે ખૂબ આગળ નીકળી ચૂક્યા છીએ. તમારા માટે આ અશક્ય છે. વાત સ્વાભિમાનની આવે ત્યારે તો અવશ્ય કંઈ કરી બતાવવું પડે. જેમ કે ચીને કરી બતાવ્યું. એને એ માટે આપણી સરકાર પણ પ્રયાસ કરે છે. સાથે સાથે ટેકનોલોજીમાં નવા ઈનોવેશન માટે ખાસ ભાર મૂકીને આપણી પોતાની ટેકનોલોજીથી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

**સુરત - સુરેન્દ્રસિંહ જી. દેવધરા**

## એસ. ટી. નિગમની પ્રશંસનીય સેવા

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ વર્ષોથી આમ જનતાની સલામત હેરાફેરી આવ જા કરવાની ઉપલબ્ધિને ખૂબજ સાહસપૂર્વક નિષ્ઠાથી નિભાવે છે! ખાનગી વાહનો કે જેઓ તગડું ભાડું વસુલે છે તેની સરખામણીએ સમય અને સલામતી માટે બસમાં જ મુસાફરી કરવા આગ્રહ રાખે છે. નિગમના વિભાગીય બસ ડેપોમાં નિયામક સંચાલક વગેરેની નિમણૂક કરી સમગ્ર વાહન વ્યવહાર માટે ડ્રાઈવર કન્ડક્ટર ભાઈ- બેનો અને મિકેનીકલ સ્ટાફ પોતાની ફરજ ખેલદિલીપૂર્વક નિભાવે છે. ગુજરાતભરમાં સરકારી અને ખાનગી સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર અનીતિના સિમાડા વધુ વિસ્તરતા જાય છે તે જોતાં અપવાદરૂપ સુરત શહેરની બસ સેવામાં ખાયકી-અનીતિના તાજા જ પ્રકરણ સિવાય નિગમમાં ક્યાંય પણ ખાયકીનું સામ્રાજ્ય બિલકુલ નથી. બસમાં કન્ડક્ટરની ફરજ નિભાવતા કર્મચારી ભાઈ-બેનોની સજાગતાને દાદ દેવી ઘટે. ટિકિટના મામૂલી નાણાં ગજવે ઘાલવાથી કાંઈ બંગલા તાણી બંધાય એવું તો નથી જ નથી. નિષ્ઠાવાન કન્ડક્ટર ભાઈ-બેનો બસમાં બે ત્રણ ચક્કર મારી, બુકીંગ મુજબ પેસેન્જરોની ગણતરી કરે, બૂમો પણ મારે ‘‘ટિકિટ લેવામાં કોઈ બાકી તો નથી ને!’’ આવી ચોક્કસાઈ, ખેલદિલી ફરજ પ્રત્યે સભાનતા નિષ્ઠા અન્ય ખાતાઓમાં પણ હોય તો જરૂર રામરાજ્ય આવે.

**ઉમરપાડા - કનોજ મહારાજ**

## સરકારી કર્મચારી કે ગુલામ

સાંપ્રત સમયના શાસકો દ્વારા વૉટબેંકની જાળવણી અને સાચવણી માટે છેલ્લા બે - અઢી દશકાથી તમામ વહીવટી તંત્રોના સરકારી - અર્ધ સરકારી , સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સમેત તમામ અસંખ્ય ખાનગી ક્ષેત્રના , નાનાં મોટાં ઔદ્યોગિક એકમોના માલિકોને પણ જાણે રીતસરના બાનમાં લઈ જાહેર મનમાની કરાવતા રહ્યા હોય એવી લાગણી અનુભવાય છે. બધા જ બધું જાણતા હોવા છતાંય એ ઓથાર હેઠળ મૂંગા મોઢે સહન કરતા રહે છે. તાજેતરના અઢળક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા મુજબ તમામ વહીવટીતંત્રના અધિકારીઓ કાબેલિયત અને આવડત છતાંય એક સામાન્ય માણસ ખૂબ’જ નાના પાયાનો એમ કહો ને કે.. નગર સેવક / સેવિકાના ઈશારે કામ કરશે. જાત જાતના જાહેર ખર્ચાઓ કરી - કરાવી પોતાનો અહમ સંતોષી શાસક પક્ષોના ઉપલા લેવલે પોતાની અક્કલ હોશિયારીના વિડિયો આલ્બમ, ફોટોસેશન કરી કરાવી જે તે વિભાગ વિસ્તારમાં વૉટબેંક મજબૂત કરવા નિર્દોષ અને અમુક વખતે નિઃસહાય નાના કર્મચારી જે માંડ માંડ 5 - 7 હજાર મહેનતથી કમાતા કોન્ટ્રાક્ટના માણસોને પણ .. ખરેખર હેરાન પરેશાન કરે છે.

**સુરત - પંકજ શાંતિલાલ મહેતા**

## કબૂતર માટે ચબૂતરા બાંધવા વિશે

એક સમાચાર મુજબ SMC શહેરના બે ગાર્ડનમાં પક્ષીઓ માટે ૬૦ ફૂટ ઊંચા કે જેમાં ૧૦૦૦ પક્ષીઓ રહી શકે તેવા ચબૂતરા બાંધવા માટે વિચારી રહી છે. શહેરનાં પર્યાવરણપ્રેમીઓ તથા તબીબો ખાસ કરીને જેઓ એલર્જી અને ફેફસાંના રોગોનાં દર્દીઓની સારવાર કરે છે તેઓ કોર્પોરેશનની આ પહેલથી ચિંતિત છે. કારણ કે અત્યારે જ શહેરનાં નાગરિકો ઘણી જગ્યાએ પુણ્ય મેળવવાના આશયથી કબૂતરોને ચણ નાખે છે. પરંતુ આમ કરવાથી પુણ્ય મેળવવાની જગ્યાએ અજાણતામાં તેઓ ખાસ કરીને બાળકોમાં ફેફસાની બિમારી ફેલાવવામાં નિમિત્ત બની જાય છે. કબૂતરની ચરક તથા તેના પીંછાથી pigeon alveolitis અને ILD જેવી ફેફસાની અસાધ્ય બીમારીઓ થાય છે. આવા ચબૂતરાઓ પર કબૂતર સિવાય કોઈ પક્ષીઓ આવતા નથી. જો ખરેખર પક્ષીઓના રહેઠાણની ચિંતા કરવી હોય તો આવા ચબૂતરાઓની જગ્યાએ તેમના કુદરતી નિવાસ એવા વિવિધ પ્રકારનાં ફળાઉ વૃક્ષો વાવો, જેથી તેમને રહેઠાણની સાથે સાથે ખોરાક પણ મળી રહે તથા શહેરનું પર્યાવરણ પણ જળવાય અને લોકોને ઑક્સીજન મળે તે નફામાં. મુંબઈ અને પુના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સમસ્યાથી છુટકારો મેળવવા હાલમાં જ કબૂતરોને ચણ નાખવા પર પ્રતિબંધ મૂક્યો.

**સુરત - ડો. હેમંત પટેલ**

## સરકારી સહાયનો દુરુપયોગ

જે લોકોને સરકારી સહાય મળે છે, પેન્શન, મેડીકલ એલાઉન્સ, ફ્રી ઈન્સ્યોરન્સ વિગેરે મળે છે તેઓ વિધવા સહાય આયુષ્યમાન સહાય વિગેરે ખમતીધર શખ્સો પણ કાતરી લે છે. આમ જનતાને મળતી નિઃશુલ્ક સહાય તેમાંનો થોડો ભાગ ઉપરોકતો પડાવી લે છે તે માટે સરકારે વોચ રાખવા માટે કોઈ વહીવટી તંત્રને આદેશ આપ્યો નથી. રેશનિંગના દ્વારા પણ બોગસ નામે બોગસ બીલો બનાવી બારોબાર મીલીભગતથી વેચાઈ જાય છે તે ફક્ત હિમશીલાનો એક ભાગ જ હોય છે.

**અડાજણ - અનિલ શાહ**